ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

તાઃ ૦૭/૦૪/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૭ એપ્રીલ WORLD HEALTH DAY ની ઉજવણી નિમિત્તે યોજાયેલ વિવિધ કાર્યક્રમો

તા. **૭ એપ્રીલ** ના દિવસને **વિશ્વ આરોગ્ય દિવસ WORLD HEALTH DAY** તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે **FOOD SAFTY, FROM FARM TO PLATE –MAKE FOOD HEALTHY**ની થીમના આધારે ઉજવણી કરવામાં આવી રહી છે.

જેના અનુંસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા. ૭ એપ્રીલ ને મંગળવારના રોજ બપોરના ૩ કલાકે વિજ્ઞાન ભવન,સંસ્કાર મંડળ, ભાવનગર ખાતે બહેનોને આરોગ્ય વિષયક જાણકારી માટે આપતાં **વકતવ્ય** તેમજ **વાનગી હરિફાઈનું** આયોજન કરવામાં આવેલ.જેમાં ૪૦ બહેનોએ ઉત્સાહ સભર ભાગ લીધેલ.

તજજ્ઞશ્રી કૃપાબહેન મહેતાએ બહેનોને આરોગ્ય વિષયક જાણકારી આપતા વકતવ્યમાં જણાવેલ કે સામાન્ય આરોગ્યની જાણવણી કરીને પોતાના પરીવારને કેવી રીતે સુરક્ષિત રાખી શકાય તેની સમજ સરળશૈલીમાં પોષક તત્વો જળવાઈ રહે તવી 'રસોઈ બનાવવાની પધ્ધતિ' સમજાવેલ. બહેનોને પોતાના આરોગ્યલક્ષી પ્રશ્નોના સંતોષકારક જવાબ આપેલ.

આ ઉપરાંત વાનગી હરિફાઈમાં તજજ્ઞશ્રી માલતીબેન પુરોહિતે સેવા આપેલ. જેમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે આવનારને પુરસ્કાર આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમમાં માર્ગદર્શન સંસ્થાના ચેરમેન ડાૅ.ભાવેશભાઈ ભરાડે આપેલ. કાર્યક્રમને સફળ બનાવવા લોક વિજ્ઞાન કેન્દ્રની ટીમે ભારે જહેમત ઉઠાવેલ.

પ્રી.પ્રી.ત્રિવેદી
(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.